૧. ફરીયાદ પક્ષના કેસની કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરુદ્ધ ઉપરોક્ત ગુના અંગેની ચાર્જશીટ કરેલી.

૨. આરોપી તરફે આંક – ૦૪ ગુન્હા કબૂલાત ની પુરશીશ રજૂ થતાં આંક – ૦૩ પ્લી રેકર્ડ કરતાં આરોપી તરફે સ્વેચ્છાપૂર્વક ગુન્હાની કબૂલાત કરેલ છે આરોપીની સ્વેચ્છિક કબૂલાત નહી માનવાને કોઈ કારણસર રહેતું નથી.

૩. આરોપી સામે એમ.વી.એક્ટ ૧૮૫ તથા પ્રોહી. કલમ–૬૬(૧)બી મુજબના સામાન્ય ગુનાનું તહોમત છે. તેમજ આરોપીની કબુલાત પુરશીશ વંચાણે લેતાં, તેમા જણાવેલ કારણો ધ્યાને લેતા આરોપી ગરીબ અને મધ્યમ વર્ગના માણસો જણાય છે. તેમજ કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય છે, ગરીબ સ્થિતિના લીધે બચાવ કરવા સક્ષમ નથી. તેમજ ગુનો કર્યાનો અફસોસ વ્યક્ત કરેલ છે અને ભવિષ્યમાં બીજો ગુનો નહીં કરવાની ખાતરી આપેલ છે. તેમજ તેઓનો આ પ્રથમ ગુનો હોવાનું જણાવે છે તથા જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન અને મોભા ભર્યા સ્થાનથી જીવી શકાય તેવા પ્રયત્નો કરી શકે તેમ છે. તે સંજોગોમાં તેમને ઓછી સજા અને દંડ કરવો ન્યાયી અને ઉચીત માનું છું.

૪. નામ. ગુજરાતની વડી અદાલતે ચુકાદામાં પ્રથાપિત કરેલ સિદ્ધાંતોને ધ્યાને લેતા જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો, દરેક કેસની હકીકતને ધ્યાને લઈ નીચેની અદેલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનત્તમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેથી ઓછામંઓછી સજા અને દંડ કરવો જોઈએ. તેમ હું નમ્રપણે માનું છું. જેથી ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ ફરમાવું છું.

//**<u>હુકમ</u>** //

આ કામના આરોપીને ક્રી.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે તેઓની સામેના ઉપરોક્ત ગુનામાં તકસીરવાન ઠરાવી, ક્રી.પ્રો.કોડની કલમ– એમ.વી.એક્ટ ૧૮૫ તથા પ્રોહી. કલમ–૬૬(૧)બી હેઠળ રૂા.૧૦૦/– (અંકે રૂ. એકસો પુરા)નો દંડ ની સજા અને દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજા ફરમાવું છું.

પોલીસ જો મુદ્દામાલ વાહન કબજે કરેલ હોય તો ખાતરી કરી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ સ્પેશ્યલ સિટિંગમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૩/૦૯/૨૦૨૫**
**છોટાઉદેપુર**
**સ્પે.સીટીંગ (નેશનલ લોકઅદાલત)**

**( એ. એચ. મકરાણી )**
**ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ છોટાઉદેપુર**
**(જી.જે. ૦૧૧૩૭)**